R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના) (સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા . (મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઇટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-28• ISSUE: 01 DATE: 05-01-2019• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## સબરીમાલાના અયપ્પા મંદિરમાં રજસ્વલા મહિલાઓના પ્રવેશના વિરોધમાં જમણેરી હિન્દુ જુથો દ્વારા ચારેકોર હિંસક બનાવોથી કેરળ વોરઝોનમાં ફેરવાયું

કેરળના સબરીમાલાના અયપ્પા મંદિરમાં રજસ્વલા સ્ત્રીઓને પ્રવેશ આપવાના મામલે કેરળમાં તનાવની સ્થિતિ છે.મંદરિમાં બે સ્ત્રીઓના પ્રવેશ પછી કેરળ વોરઝોનમાં ફેરવાઇ ગયું છે.જમણેરી હિંદુ સંગઠનો દ્વારા આપવામાં આવેલા હડતાલના એલાન દરમિયાન ક્રુડ બોમ્બ ફેકવાના, પથ્થરમારાના અને આગજનીના અસંખ્ય બનાવો બન્યા હતા.કેરળની શેરીઓમાં આ સંગઠનના લોકો ફરી વળ્યા હતા.અને પોલીસ તેમજ તેમના રાજકીય હરિફ પાર્ટીઓના કાર્યકરો સાથે સીધી અથડામણમાં ઉતર્યા હતા. હડતાલ દરમિયાન રાજ્યભરમાં સ્થિતિ તનાવપુર્ણ અને હિંસાની વ્યાપક ઘટનાઓ,પથ્થરમારા અને આગજનીની કારણે રાજ્યમાં જનજીવનને ભારે અસર પહોચી હતી.કર્મ સમિતિ અને આંતરાષ્ટ્રીય હિંદુ પરિષદ નામના હિંદુ સંગઠને આપેલા ૧૨ કલાકના બંધ દરમિયાન એક વ્યક્તિને પથ્થરમારાથી ઈજા પહોચી હતી અને જેનુ પાછળથી મોત નિપજ્યું હતું. સુપ્રીમ કોર્ટે આપેલા ચુકાદાને જમણેરી સંગઠનોએ નહી માનવા માટે થઈને જંગ છેડ્યો છે. જ્યારે કેરળ સરકાર સુપ્રીમના ચુકાદાને અમલમાં મુકવા માટે મક્કમ છે.બે મહિલાઓએ મંદિરમાં પ્રવેશમાં સફળતા મેળવી હતી. જેના પછી મંદિર બંધ કરાયું હતું અને તેનું શુધ્ધિકરણ પણ કરવામાં આવ્યું હતું. આ ઘટનાથી નારાજ કેરળના મુખ્યમંત્રીએ મંદિરના મુખ્ય પુજારીને ચીમકી આપી હતી કે સુપ્રીમ કોર્ટનો ચુકાદો માનવો ના હોય તો મંદિરના પુજારીએ પોતાનું પદ છોડી દેવું જોઈએ.

## ચુંટણી પહેલાં રાહુલ,સોનિયાને સકંજામાં લેવાની ભાજપની કોશીશઃ શિવસેના

ઓગષ્ટાવેસ્ટલેન્ડ ડીલમાં કથિત દલાલ ક્રિશ્ચિયન મિશેલના દાવાના આધારે આગામી લોકસભા ચુંટણી પુર્વે કોગ્રેસ નેતા રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીને સકંજામાં લેવાની કોશીશ ભાજપ દ્વારા કરાઈ રહી છે તેવો આક્ષેપ શિવસેનાએ કર્યો હતો.કેન્દ્ર અને મહારાષ્ટ્રમાં ભાજપની સહયોગી પાર્ટી શિવસેનાએ આરોપ લગાવ્યો હતો કે રાજકીય વિરોધીઓ સામે સરકારી તંત્રનો દુરપયોગ કરાઈ રહ્યો છે.આગસ્ટાવેસ્ટલેન્ડ વીવીઆઈપી હેલીકોપ્ટર મામલાની સુનાવણી કરી રહેલી દિલ્હીની એક કોર્ટે ઈડીએ અટકાયત કરેલા મિશેલને પોતાના વકીલને મળવા પર પ્રતિબંધ મુક્યો હતો. કોર્ટે આ પગલું ત્યારે ભર્યુ કે જ્યારે એજન્સીએ કહ્યુ કે મિશેલ કાનુની સુવિધાનો દુરપયોગ કરતાં વકીલને માહીતી આપી અને શ્રીમતી ગાંધી સબંધિત પ્રશ્નોના ઉકેલ માટે સલાહ માંગી રહ્યો હતો. શિવસેનાએ આરોપ લગાવ્યો હતો કે જ્યારે મિશેલનું દુબઈથી પ્રત્યાર્પણ થયું ત્યારે પાંચ રાજ્યોની ચુંટણીનો પ્રચાર ચાલી રહ્યો હતો.અને ભાજપ ખુદ પરેશાન હતો.

ભાજપ જે રીતે ચુંટણીમાં ધોબી પછાડ ખાઈ ચુક્યો છે તેથી હવે તેમના વિરોધીઓ સામે ગમે તે પ્રકારે કાનુની દાવપેચ રમીને તેમજ સરકારી એજન્સીઓનો ઉપયોગ કરીને પોતાની મતબેક મજબુત કરવાના પ્રયાસોમાં લાગી ગયું છે.૨૦૧૯માં કપરા ચઢાણનો સામનો કરવાનો છે તે નિશ્ચિત છે.

ભાજપની સમર્થન આપતી અને સર્મપિત વિવિધ ચેનલો અને પ્રકાશનો દ્વારા ગેરસમજો ફેલાવતાં ફેક ન્યુઝોની પણ ભરમાર ચાલી છે.જે યનકેન પ્રકારે ચુંટણીઓ પર પ્રત્યક્ષ કે પરોક્ષ અસરો પેદા કરી શકે છે.શિવસોના સાથી પક્ષહોવા છતાં ભાજપનો ઉધડો લે છે.

## સોહરાબુદ્દીન શેખ એન્કાઉન્ટર કેસમાં તમામ આરોપીઓ નિર્દોષ : આરોપો સાબિત થઇ શકે તેવા પુરાવાઓ નથી,માર્યા ગયેલાઓ પ્રત્યે જજની દિલગીરી

સોહરાબુદ્દીન શેખ, કૌસરબીબી અને તુલસી પ્રજાપતિના કથિત બનાવટી એન્કાઉન્ટર કેસમાં સીબીઆઈની ખાસ કોર્ટે ૧૩વર્ષ બાદ આપેલા ચુકાદામાં તમામને નિર્દોષ છોડી મુકવાનો આદેશ કર્યો હતો.કોર્ટે અપુરતા પુરાવાનું કારણ ધરીને તમામ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા હતા. ૨૨માંથી ૨૧ આરોપીઓ ગુજરાત અને રાજસ્થાન પોલીસ અધિકારીઓ છે.સીબીઆઈનું કહેવું હતું કે તેઓ સોહરાબુદ્દીન,કૌસરબી અને તુલસી પ્રજાપતિનું અપહરણ કરીને તેમને બનાવટી એન્કાઉન્ટર્સમાં મારનારા ટીમના ભાગ હતા. આ સાથે જ સમગ્ર દેશ અને ખાસ કરીને ગુજરાત માટે આ અત્યંત ચકચારી કેસના તમામ આરોપીઓ મુક્ત થઈ ગયા છે.

સીબીઆઈ જજ શર્માએ કહ્યુ હતું કે આ ઘટનામાં ત્રણ જીવ ગયા હતા. તેને કારણે કોર્ટે શેખ અને પ્રજાપતિ પરિવાર પ્રત્યે દિલગીરી વ્યક્ત કરી હતી.સિસ્ટમ એવી છે કે કોર્ટે પુરાવા પર આધાર રાખવો પડે. મજબુત કેસ સાબિત કરવામાં પ્રોસિક્યુશન નિષ્ફળ નિવડ્યું છે.શેખ અને અન્યને મારી નંખાયા છે જે હકીકત છે.તેનો ઈન્કાર થઈ શકે તેમ નથી.જજે કહ્યુ હતું કે હું લાચાર છું. આ કેસમાં જેટલા પુરાવા અને સાક્ષીઓની જુબાની લેવામાં આવી છે તે સંતોષકારક નથી.તેમજ આ કોઈ કાવતરુ નથી તેમજ બોગસ એન્કાઉન્ટર હતું તેવું પુરવાર કરવાના કોઈ સંયોગિક પુરાવા મળ્યા નથી.કોઈ સાક્ષીઓ ફરી જાય તો તેમાંકશું થઈ શકે નહી.

## પોક્સો એક્ટના સંશોધનોને કેન્દ્રની બહાલી : બાળક સાથે દુષ્કર્મ કરનારને હવે ફાંસી થશે

સરકારે ૧૮ વર્ષથી ઓછી વયના બાળકો સાથે જાતીય હુમલાની ઘટનાને અટકાવવા માટે પોક્સો કાયદાને અત્યંત આકરા બનાવી દીધા છે.જેમાં મોતની સજાને પણ સામેલ કરાઈ છે.કેબિનેટની બેઠકમાં આકરા ફેરફારોને મંજુરી આપી દેવાઈ છે.હવે નાના બાળકો સાથે રેપના કેસમાં આરોપીને મોતની સજા સુધીની જોગવાઈ કરાઈ છે.વડાપ્રધાન મોદીના અધ્યક્ષપદે કેન્દ્રીય મંત્રીમંડળે તેને મંજુરી આપી દી ધી છે.આ અંગેની જાહેરાત કેન્દ્રીય કાયદા મંત્રી રવિશંકર પ્રસાદે કરતાં જણાવ્યુ હતું કે પોક્સો એક્ટમાં મોટા ફેરફારો કરવામાંઆવી રહ્યા છે. બાળકો પર જાતીય હિંસા માટે દંડનું પ્રમાણ વધારી દેવાયું છે.બાળકોને આવા હુમલાથી બચાવવા માટે આ ક્વાયત હાથ ધરાઈ છે.

સરકારે ધ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફિન્સિઝ(પોક્સો) એક્ટની વિવિધ કલમોમાં સુધારાને બહાલી આપી છે. બાળકો સામે જાતીય હિંસાના દુષણોને યોગ્યરીતે ડામી દેવાય તે માટે પોક્સ એક્ટ ૨૦૧૨ની આ કાયદામાં ૧૮થી ઓછી વયની કોઈપણ વ્યક્તિને બાળક તરીકે ગણવામાં આવશે.તે લિંગ-તટસ્થતાનો કાયદો છે. ચાઈલ્ડ પોર્નોગ્રાફીના દુષણને દુર કરવા માટે પોકસો એક્ટ,૨૦૧૨ી કલમો ૧૪ અને ૧૫માં પણ સુધારાની દરખાસ્ત કરાઈ છે. આ એક્ટ બાળકોને જાતીય સતાવણી,જાતીય હુમલા અને પોર્નોગ્રાફી જેવા ગંભીર ગુનાઓથી સુરક્ષા આપે છે.

## ઓસ્ટ્રેલીયાના મેલબોર્ન ખાતે રમાઇ રહેલી ભારત વિરુધ્ધની ત્રીજી ટેસ્ટમાં ભારતે વિજય મેળવ્યો

ઓસ્ટ્રેલીયાના મેલબોર્ન ખાતે ભારત અને ઓસી વચ્ચે રમાઈ રહેલી ત્રીજી ટેસ્ટ મેચમાં ભારતનો વિજય થયો હતો. જેમાં ભારતના ઝડપી બોલર જસપ્રીત બુમરાહની બોલિંગે કમાલ કરી હતી.બેઉ ઈનીગ્સમાં થઈને ૯ વિકેટે ઝડપવા સાથે તેણે વિક્રમ પણ નોધાવ્યો હતો. ૨૦૧૮ની સાલમાં ભારત તરફથી જસપ્રીત બુમરાહ,મો.શામી અને ઈશાંત શર્માની ઝડપી બોલરોની ત્રિપુટીએ સૌથી વધુ વિકેટો ઝડપવાનો વિક્રમ પણ નોધાવ્યો હતો. વિદેશની ધરતી પર વિજય મેળવવો એ ભારતની ટીમ માટે મહત્વનું લેખાય છે.તેમાંય ઓસ્ટ્રેલીયાને તેમની ધરતી પર ઝડપી વિકેટો પર હરાવવી મુશ્કેલ કામ છે.જો કે છેલ્લા કેટલાક વર્ષોમાં ભારત માટે હવે ઝડપી બોલરો પેદા થયા છે નહિતર ભારત માત્ર સ્પીનરોના આધારે જ મેચો જીતી છે.વિરાટ કોહલી અને ચેતેશ્વર પુજારાએ બેટિગમાં સારુ પ્રદર્શન કરીને મેચને પોતાની તરફેણમાં લાવવનો જશ પર આપવો પડે.

## નાતાલ સમયે કોમવાદી તત્વોનો ચર્ચ પર હુમલો

નાતાલ પર્વ નિમિત્તે મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં કેટલાક કટ્ટરવાદી તત્વો દ્વારા એક ચર્ચ પર હુમલો કરવામાં આવ્યો હતો.ચર્ચમાં પ્રાર્થના ચાલી રહી હતી ત્યારે આ હુમલો કરાયો હતો.જેમાં ૧૨ લોકો ઘાયલ થયા હતા.કર્ણાટકના કોવાડ ગામે ભીમસેન ચવાણના ઘર પર સન્ડે માસનું આયોજન થયું હતું.અને ત્યાં ૩૦ થી ૪૦ જેટલા લોકો પ્રાર્થના કરી રહ્યા હતા.બપોરે થયેલા આ હુમલામાં ૧૨ લોકો ઘાયલ થયા હતા. ૧૦-૧૫ હુમલાખોરો બુકાની બાંધીને બાઈક પર આવ્યા હતા અને હાથમાં તલવારો,લોખંડના સળીયા અને કાચની બોટલો સાથે તેમણે હુમલો કર્યો હતો.આ ઘટના પછી સમગ્ર વિસ્તારમાં ભારે તંગદીલી છે. પોલીસે સમગ્ર સ્થિતિ પર ચાંપતી નજર રાખી રહી છે.ઘાયલોને સારવાર માટે હોસ્પીટલે ખસેડાયા હતા.ચર્ચ પર હુમલો કરનારા કટ્ટરપંથી સમુહ સાથે સંકળાયેલા હોવાનું મનાય છે.

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઇ શકાશે

# નવ ક્રાંતિ

મંદિરના મુદ્દે દેશમાં ફરીથી એકવાર તમાશો થઈ રહ્યો છે.કોગ્રેસના શાસનમાં પણ એમ નહોતું બન્યું.રામ મંદિરના દ્વાર ખોલવામાં કોઈએ હિંમત કરી હોય તો તે કોગ્રેસ સરકારની હતી. રાજીવ ગાંધીએ રામ મંદિરના દ્વાર ખોલાવી આપ્યા હતા.અને રામ મંદિરના નામે મત મેળવીને સત્તા હડપી ભાજપે તે તેની સિધ્ધિ હતી.હજુ પણ મંદિરના નામે સુપ્રીમ કોર્ટ ઉપર દબાણ વધારીને મનમાની કરવાની ઉતાવળ કરી રહ્યા છે કે પછી ૨૦૧૯ની ચુંટણીઓમાં ફરીથી વિજય કળશ ભાજપના શીરે પહેરાવવાની કોશીશ !!! તાજેતરમાં ભાજપના સાથી અને સહયોગી શિવસેના આ બાબતે તેમના મુખપત્ર સામનામાં લખ્યું છે કેદેશના મુખ્ય બે મંદિરો અંગે જનભાવનાઓ ઉશ્કેરાઈ છે.પ્રથમ રામ મંદિર અને બીજું કેરળનું સબરીમાલા મંદિર. આબંને મંદિરો વિશે ભાજપ અને સંઘ પરિવારની ભુમિકા સ્વતંત્ર એટલે કે બંને તરફથી મૃદુંગ વગાડવા જેવું છે.જે બાબત ડંકાની ચોટ પર કહેવાઈ અને લોકસભાની ચુંટણીઓમાં જીત મેળવાઈ ત્યારે મંદિર બાબતે કહેવામાં આવેલી વાત અંગે વડાપ્રધાને કરેલા ખુલાસા લોકોમાં સ્વીકાર્ય બન્યા નથી.રામ મંદિરના મુદ્દે અદાલતના જ પરિણામ આવશે તેને સ્વીકારાશે તેવી વાત વિહિપ અને અન્ય હિંદુ સંગઠનોને હજમ થતી નથી.બીજી તરફ સબરીમાલા મંદિરમાં મહિલાઓને પ્રવેશ આપવાના કોર્ટના નિર્ણયને ભાજપ તથા સંઘ માનવા તૈયાર નથી.કેરળમાં સંઘે ભાજપની મદદથી મહિલાના મંદિર પ્રવેશના મુદ્દાને ભડકાવ્યો છે તેવો શિવસેનાએ આરોપ મુક્યો છે તેમજ કેરળના મુખ્યમંત્રીએ પણ આ જ વાત કરી છે.આ મામલે કેરળમાં હિસા થઈ છે.સંઘના કાર્યકર્તાઓ રસ્તાઓ પર ઉતરીને કાયદો હાથમાં લઈ રહ્યા છે.પત્રકારો અને પોલીસ પર હુમલા કરવામાં આવી રહ્યા છે.કેરળમાં મંદિરના મુદ્દે અને હિદુત્વની રક્ષા માટે સંઘના લોકો રસ્તા પર ઉતર્યા છે પણ અયોધ્યામાં રામ મંદિર માટે ઠંડા છે. આ બે બાજુની વાતો કઠતી નથી. છતાં રાજનીતીમાં આવું ચાલતું રહ્યુ છે અને ચાલશે.

રફાલના મુદ્દે વિપક્ષે સંસદમાં ભારે હંગામો મચાવ્યો છે. કેટલાક સવાલોના જવાબો વકીલની ભાષામાં ગોળગોળ આપવામાં આવે છે અનેકેટલાક સવાલોનો છેદ ઉડાડી દેવામાં આવે છે.રફાલના મુદ્દે ચર્ચા કરવામાં પાછી પડતી સરકાર અન્ય બાબતોને વચ્ચે ઘુસાડીને ખરેખર મુદ્દાને અવળે પાટે ચડાવવાનો પ્રયત્ન કરે છે. કોગ્રેસે સીબીઆઈની તપાસ,જેપીસીની તપાસ વિગરે ઓગષ્ટા વેસ્ટલેન્ડ હેલીકોપ્ટરના મુદ્દે કરી હતી.જે વિપક્ષોની માંગણીના આધારે હતી.અને આખરે તે સોદો રદ કરી દેવાયો હતો.અને જે કંપની સાથે સોદો થયો હતો તેને બ્લેક લીસ્ટમાં મુકવામાં આવી હતી.હવે આ સરકારે હરખપદુડા થઈને બ્લેક લીસ્ટ થયેલી કંપનીને પાછી લાવવામાં દેશની શી ભલાઈ જોઈ તે તેમને કહેવું તો પડેશે જ અન્યથા તેમાં કસું અજુગતું થયું છે તેમ માની લેવામાં કોઈ શંકા નહી રહે.જેમની સામે સવાલો થયા છે તેમણે જ તેના જવાબો આપવાના રહે જો તેમ થતું નથી.વડાપ્રધાનની સામે સવાલો થાય અને જેને લાગતું વળગતું નથી તેવા મંત્રીઓ તેની ખણખોદ કરે અને પછી વિપક્ષી નેતાઓની શાખ નીચે પાડવા માટે હલકી ભાષાનો પ્રયોગ કરી ગમે તેમ કહે તે વ્યાજબી નથી.રાહુલ ગાંધીને ભાંડવા માટે તેમના આખા કુટુંબને એટલેકે તેમના નાના ને પણ ભાંડવાની કળા અને પારંગત માત્ર ભાજપ પાસે જ છે.રાજકારણમાં કોઈ સીમા હોવી જરુરી છે.કોગ્રેસના નેતાઓએ દેશ માટે પોતાના બલિદાનો આપ્યા છે તે ભુલાવુ ના જોઈએ.


## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


# દવાઓના ઓનલાઇન વેચાણ પર દિલ્હી હાઇકોર્ટનો દેશવ્યાપી પ્રતિબંધ

ઈ-ફાર્માસીસ્ટ દ્વારા દેશભરમાં થતાં દવાઓના ઓનલાઈન વેચાણ પર દિલ્હી હાઈકોર્ટે પ્રતિબંધ લાદી કેન્દ્ર અને દિલ્હીની આમ આદમી પાર્ટીની સરકારને ચુકાદાનો તાત્કાલિક અસરથી અમલ કરવાનો આદેશ જારી કર્યો હતો.ચીફ જસ્ટીસ રાજેન્દ્ર મેનન, અને જસ્ટીસ વી.કે.રાવે દિલ્હી સ્થિત ડર્મેટોલોજીસ્ટ ઝહીર અહેમદની જાહેર હિતની અરજી પર સુનાવણી કરતાં આ આદેશ આપ્યો હતો.ઝહીર અહેમદે આરોપ મુક્યો હતો કે દેશમાં ઈન્ટરનેટના માધ્યમથી દરરોજ કોઈપણ પ્રકારના નિયંત્રણ વગર લાખો દવાઓનું વેચાણ થાય છે.જે દર્દીઓ અને ડોકટરો માટે અત્યંત જોખમી છે.ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ એકટ ૧૯૪૦ અને ફાર્મસી એક્ટ ૧૯૪૮ અંતગર્ત આ રીતે ઓનલાઈન દવાઓના વેચાણ પરવાનગી આપવામાં આવતી નથી.૨૦૧૫માં ડ્રગ્સ કન્ટ્રોલર ઓફ ઈન્ડીયાએ જાહેર આરોગ્યના હિતને રક્ષણ આપવા માટે દવાઓના ઓનલાઈન વેચાણ પર નિયંત્રણ લાદવાનો આદેશ આપ્યો હતો.છતાં કોઈપણ પ્રકારના પ્રિસ્કિપ્સન વગર લાખો દવાઓ ઈન્ટરનેટ પર વેચાઈ રહી છે.

દવાઓના ઓનલાઈન વેચાણના ભયસ્થાનો ગણાવતા જણાવાયું હતું કે અન્ય સામાન્ય ચીજવસ્તુઓ કરતાં દવાઓ અત્યંત જોખમી સાબિત થઈ શકે છે. તેના વધારે પડતા અથવા તો દુરપયોગથી માનવ આરોગ્યને હાનિ પહોચી શકે છે. કેટલીક દવાઓ નશાને આમંત્રણ આપે છે તે ફક્ત વ્યક્તિ જ નહી પરંતુ સમગ્ર માનવજાત તેનો ભોગ બની શકે છે.આ પ્રકારની દવાના નશાની ટેવ માનવશરીરને નુકશાનકારક છે.મોટી સંખ્યામાં બાળકો,સગીરો અને ગ્રામીણો ઈન્ટરનેટનો ઉપયોગ કરી રહ્યા છે તેઓ ઓનલાઈન દવાની ખરીદી દ્વારા ખોટી દવાનો ભોગ બની શકે છે.કેટલીક દવાઓ માનસિક અસર કરે તેવાં તત્વો ધરાવતી હોય છે.ઈન્ટરનેટ પર તેને સહેલાઈથી ઓર્ડર કરી શકાય છે. આ પ્રકારની દવાઓ ગુનાઈત પ્રવૃત્તિઓ માટે થઈ શકે છે.

ઓન લાઈન દવા વેચતી ફાર્મસીઓ પાસે ડ્રગનું લાયસંસ જ નથી. ઈન્ટરનેટ પર દવાઓનું અનિયત્રિત વેચાણ નકલી અને હલકી ગુણવત્તા ધરાવતી દવાઓનું વેચાણ વધારશે. માનસિક અસર કરે તેવા તત્વો ધરાવતી દવાઓ ગુનાઈત પ્રવૃત્તિઓ માટે વપરાવાની શંકા છે.

અરજકર્તાએ જણાવ્યુ હતું કે કેન્દ્ર સરકાર ઈન્ટરનેટ પર દવાઓના વેચાણ સાથે સંકળાયેલા જોખમોથી સારી રીતે વાકેફ છે.સરકાર દ્વારા જ આ માટે રચાયેલી પેનલે સપ્ટેમ્બર ૨૦૧૮માં દવાઓના ઓનલાઈન વેચાણના જોખમો અંગે ચેતવણી આપી હતી છતાં સરકાર દ્વારા કોઈ પગલાં લેવાયા નહોતા.જો કે દેશના કાયદાઓ ઓનલાઈન વેચાણની પરવાનગી આપતા નથી. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે દવાઓના ઓનલાઈન વેચાણને નિયંત્રિત કરવા નિયમો જાહેર કર્યા હતા. આ નિયમો કહે છે કે રજીસ્ટ્રેશન વિના કોઈ વ્યક્તિ ઈન્ટરનેટ પર દવાનું વેચાણ કરી શકશે નહી.

જો ખરેખર દેશના કાયદાઓ ઓનલાઈન વેચાણની પરવાનગી જ આપતા ના હોય તો કેન્દ્રના આરોગ્ય મંત્રાલયે છુટછાટો આપવાનો કોઈ મતલબ નથી. પરંતુ તેમણે તેમ કર્યુ.તેના કારણે આખરે દિલ્હી હાઈકોર્ટે દેશવ્યાપી પ્રતિબંધ નો આદેશ આપતો પોતાનો ચુકાદો આપ્યો.આ સાથે કોર્ટે સરકારને આદેશો જારી કર્યા હતા કે આ આદેશનો અમલ તાત્કાલિક અસરથી કરવો. ખરેખર તેનો અમલ થાય છે કે કેમ તે જોવાનું રહેશે. કોર્ટે પોતાની ફરજ બજાવી હવે સરકારી તંત્ર તેનો કેટલો અમલ કરે છે તે જોવાનું રહેશે.કોર્ટો એ આપેલા ચુકાદાઓનો અમલ સરકારી બાબુઓ ઘણી વખત કરતાં જ નથી અને કોર્ટના આદેશોને ધોળીને પી જાય છે.જેમાં બધાજ સામેલ હોય છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

## અમી સર્જીકલ

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨


# જમ્મુ કાશ્મીરમાં રાષ્ટ્રપતિશાસન : કેન્દ્ર સરકારના સીધા શાસન હેઠળ રાજ્યના તમામ ધારાકીય અધિકારો સંસદ હસ્તક

જમ્મુ-કાશ્મીરમાં રાષ્ટ્રપતિશાસન લાદવામાં આવ્યું છે.રાષ્ટ્રપતિએ રાષ્ટ્રપતિ શાસન લાદવાના જાહેરનામા પર હસ્તાક્ષર કરતાં હવે રાજ્યપાલ શાસનનો અંત આવી ગયો છે.રાષ્ટ્રપતિના જાહેરનામાં બાદ હવે રાજ્યની ધારાસભાની તમામ સત્તાઓ અને અધિકારો સસદના અધિકારક્ષેત્રમાં આવી ગયા છે.અગાઉ પીડીપી સાથે ભાજપ ગઠબંધન તોડી નાંખતા જમ્મુ-કાશ્મીરમાં રાજ્યપાલશાસન લાદવામાં આવ્યું હતું.

જમ્મુ-કાશ્મીરમાં સરકારની ગેરહાજરીમાં રાજ્યપાલશાસન લદાતું હોય છે.જો વિધાનસભા સજીવન હોય તો રાજ્યપાલ દ્વારા રાજ્યમાં સ્થિર સરકાર રચવાના પ્રયાસો થાય છે.પરંતુ જો સરકારની રચના ન થઈ શકે તો છ મહિનાના રાજ્યપાલ શાસન બાદ રાષ્ટ્રપતિ શાસન લદાય છે.આ પ્રસંગે વિધાનસભા સુષુપ્તાવસ્થામાં હોય તો તેની તમામ સત્તાઓ સંસદ હસ્તક ચાલી જાય છે.

નેશનલ કોન્ફરન્સના અધ્યક્ષ ફારુક અબ્દુલ્લાએ જણાવ્યુ હતું કે, જમ્મુ-કાશ્મીરમાં વહેલામાં વહેલી તકે ચુંટણી યોજવી જોઈએ.રાજ્યપાલ શાસન ચુંટાયેલી સરકારનો વિકલ્પબની શકે નહીં.રાજ્યપાલનું શાસન આપખુદ શાસન છે.અને અમારી પાર્ટી જેમ બને તેમ જલ્દીથી રાજ્યમાં ચુંટણીઓ યોજવા માટે સરકાર પર દબાણ કરતી રહેશે.પીડીએફના નેતા હકીમ યાસીને કહ્યુ હતું કે વણસી રહેલી રાજકીય અને સુરક્ષાની સ્થિતિ સુધરવાની નથી.

# સરકારી બેન્કોમા રૂ.૮૩૦૦૦ કરોડની નવી મુડી ઠાલવવામાં આવશે: કેન્દ્રીય નાણાં મંત્રી જેટલી

કેન્દ્રીય નાણાંમત્રી જેટલીએ જાહેરાત કરી છે કે બેન્કોની એનપીએની સમીક્ષા પુરી થઈ ગઈ છે.સરકારી બેન્કોમાં રુ.૮૩,૦૦૦ કરોડની નવી મુડી ઠાલવવામાં આવશે.જે બેન્કો પર પ્રોમ્ટ કરેક્ટિવ એકશનને કારણે આરબીઆઈએ લોન આપવા પર પ્રતિબંધ મુક્યો હતો તેવી ૧૧-૧૨ બેન્કોમાંથી ૪-૫ બેન્કો પીસીએના દાયરામાંથી બહાર આવી જશે.નવી મુડી ઉપરાંત સરકારી બેન્કો ઉપરાંત પીસીએના દાયરામાં આવતી બેન્કોમાં પણ ઠાલવવામાં આવશે.

નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯માં સરકારી બેન્કોમાં રુ.૪૨,૦૦૦ કરોડનું નવું મુડી રોકાણ કરાશે. સરકારે આવું જંગી રોકાણ કરવા માટે સંસદની મંજુરી માંગી છે.આ વર્ષે દેશની ૪-૫ બેન્કો પીસીએના દાયરામાંથી બહાર આવવાની શક્યતાઓ રહેલી છે.

## ઉર્જિત પટેલના રાજીનામાંથી આરબીઆઇની નીતિગત પ્રાથમિકતા અંગે જોખમ : ફિચ

ફિચ રેટિંગ્સે કહ્યુ હતું કે ઉર્જિત પટેલના રાજીનામાને કારણે રિઝર્વ બેન્કની નીતિગત પ્રાથમિકતા સામે જોખમ ઉભુ થયું છે.રિઝર્વ બેન્ક પર સરકારની વગ વધવાથી બેડ લોનની સમસ્યા ઉકેલવાના પ્રયાસ પર પણ અસર થઇ શકે છે. ફિંચ રેટિંગ્સે તેના નિવેદનમાં કહ્યુ છે કે સરકારે રિઝર્વ બેન્ક પર આર્થિક વૃધ્ધિ ઝડપી બને તે માટે સતત દબાણ કર્યુંતેને પગલે ઉર્જિત પટેલે રાજીનામું આપ્યું છે.તેને કારણે આરબીઆઇની નીતિગત પ્રાથમિકતા સામે જોખમ ઉભુ થયું છે.

તેણે કહ્યુ હતું કે બેન્કોની બેડ લોનની સમસ્યા ઉકેલવાની આરબીઆઇમાં ક્ષમતા છે.અને ફુગાવાને પણ અંકુશમાં રાખવાની તેની ક્ષમતાછે. જેથી આર્થિક માહોલ સ્થિર રહે.પરંતુ આરબીઆઇ પર સરકારની વગ વધવાનથી આ પ્રયાસોને અસર થઇ શકે છે.

ફિચ રેટિંગ્સે કહ્યુ કે લાંબા ગાળે બેડ લોનની સમસ્યા ઉકેલવા માટેના પગલાંમાં પીછેહઠ થશે અને નબળી બેન્કોને આગળ ધપાવવાના પ્રયાસ થશે તો તેની નકારાત્મક અસર થશે અને તેના કારણે નાણાંકીય સિસ્ટમ પર જોખમ વધશે.તેણે કહ્યુ કે ઉર્જિત પટેલને સ્થાને નવા નિયુક્ત થયેલા આરબીઆઇના ગર્વનર શક્તિકાંત દાસના નેતૃત્વમાં હવે કેવી નીતિ અને અભિગમ અપનાવાય છે તેના પરથી પટેલના રાજીનામાની સંપુર્ણ જટિલતાની અસર માલુમ પડશે.

રેટિંગ એજન્સીએ કહ્યુ કે રિઝર્વ બેન્કનું સ્ટેન્સ કદાચ બદલાશે નહીં.પરંતુ લોકસભાની ચુંટણી નજીક આવી રહી છે ત્યારે સરકાર કેટલાક રાજકીય પ્રોત્સાહનો જાહેર કરી શકે છે. જેના માટે તેને રિઝર્વ બેન્કનો વધુ ટેકો જોઇશે.ફિચનું માનવું છે કે સરકારે ૧૧ પીએસયુ બેન્કોને પ્રોમ્પ્ટ કરેક્ટિવ એકશનની યાદીમાંથી હટાવવા માટેઆરબીઆઇ પર દબાણ કર્યુ જે કામ ન લાગ્યું. આ ઉપરાંત નોન પર્ફોમીંગ લોન(એનપીએલ)ના નવા રેગ્યુલેટરી ફ્રેમવર્કની જોગવાઈમાં ફેરફારની સરકારની વાત પણ રિઝર્વ બેન્કે ન માની.તેણે કહ્યુ કે મોટાભાગની બેન્કો હાલમાં ધિરાણ વધારવા માટે નબળી છે.હાલના તબક્કે તો આરબીઆઇનું મેક્રોઇકોનોમિક પોલીસી ફ્રેમવર્ક વિશ્વસનીય છે અને અસરકાર છે.હવે જો સરકાર તેના પર દબાણ વધારશે તો તેવા સંજોગોમાં ફરી મુલ્યાંકન કરવું પડશે.

## રફાલ ચુકાદો : વિપક્ષથી બચવા માટે કેન્દ્ર સરકાર ફરીથી સુપ્રીમના સહારે

રફાલ ડીલમાં સરકારને ક્લીન ચીટ આપેલ છે તેવા ચુકાદા અંગે ચાલી રહેલ રાજકીય ગરમાગરમી વચ્ચે કેન્દ્ર સરકારે તેના ચુકાદાના એક પેરેગ્રાફમાં 'તથ્યાત્મક ભુલ' બદલ સુપ્રીમ કોર્ટનો સંપર્ક સાધ્યો છે.સરકારે તેના આદેશમાં આ મુજબ યોગ્ય સુધારાની પણ માંગણી કરી છે.સુપ્રીમે તેના ચુકાદામાં કહ્યુ હતું કે રફાલના ભાવ અંગે જોડાયેલી માહિતી કેગને શેર કરાઇ છે અને પબ્લિક એકાઉન્ટસ કમિટી(પીએસી)એ તેની ચકાસણી કરી લીધી છે.જો કે સુપ્રીમને એવું જણાવાયું હતુ કે પીએસી કેગના રિપોર્ટની તપાસ કરશે જ્યારે એવું લખાયું છે કે પીએસી કેગનો રીપોર્ટ તપાસી ચુકી છે.કેન્દ્ર તેને ટાઇપીંગ ભુલ ગણાવી રહી છે.

કેન્દ્રે તેની પીટીશનમાં જણાવ્યુ છે કેસુપ્રીમ કોર્ટે તેણે આપેલા સીલબંધ કવરમાં ઉલ્લેખ કરાયેલી પ્રક્રિયા અંગે ગેરસમજ કરી છે.તેણે કવરમાં ભાની વિગતો સાથે પ્રક્રિયાની જાણ કરી હતી. અને સુપ્રીમ કોર્ટ પાસેથી ખુલાસો જારી કરવાની ઇચ્છા દર્શાવી હતી.સુપ્રીમે તેના ચુકાદામાં કહ્યુ હતું કે તેની સામે મુકવામાં આવેલા મેટિરિયલમાં દેખાય છે કે કેન્દ્ર સરકાર રફાલ ફાઇટર જેટના ભાવની વિગતો સંસદમાં જાહેર કરી નહોતી પરંતુ સરકારના ઓડિટરને તેની જાણ કરી હતી.

કોગ્રેસે રફાલ ડીલ અંગે કેગ રિપોર્ટ અંગે ખોટી હકીકતો રજુ કરીને સુપ્રીમ કોર્ટને ગેરમાર્ગે દોરવાનો આક્ષેપ કર્યો છે.અને તેણે માંગણી કરી છે કે સરકારે તેની માંફી માંગવી જોઇએ.

પીએસીના વડા અને કોગ્રેસના નેતા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યુ હતું કે સરકાર સુપ્રીમમાં ખોટું બોલી છે કે કેગનો રીપોર્ટ ગૃહ અને પીએસીમાં રજુ કરાયો હતો.અને પીએસીએ તેની તપાસ કરી હતી.સરકાર સુપ્રીમમાં બોલી હતી કે તે રિપોર્ટ જાહેર કરાયો છે. એ ક્યાં છે ? શું તમે જોયો છે ?

હવે પીએસીના વડા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યુ છે કે તેઓ પેનલના તમામ સભ્યોને અનુરોધ કરશે કે તેઓ એટર્ની જનરલ અને કેગને બોલાવે અને પુછે કે પબ્લીક ઓટિટરનો રિપોર્ટ સંસદમાં ક્યારે મુકાયો ?

કપિલ સિબ્બલે કહ્યુ હતું કે સરકારે કઇ કંપનીને કોન્ટ્રાક્ટ અપાયો છે તે અંગે પણ સુપ્રીમમાં ખોટી રજુઆત કરી છે

હવે સુપ્રીમ કોર્ટે આ બાબતે કોણે ખોટી માહિતી આપી તેની જાંચ પડતાલ કરવી જોઇએ અને ખોટા તથ્યો મુકનારને સજા કરવી જોઇએ.

**જાણવા જેવું !**

સ્ટેચ્યુ ઓફ લિબર્ટીની પહેલી આંગળી જેને ઇન્ડેક્ષ ફિંગર તરીકે ઓળખવામાં આવે છે તે આઠ ફુટની લંબાઇ ધરાવે છે.

ચીલીમાં આવેલા અટકામાના રણમાં છેલ્લા ચારસો વર્ષથી એક પણ ટીપું વરસાદનું પડ્યું નથી.


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધું પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬



**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬


## રિઝર્વ બેન્કની રોકડ અનામતનો ઉપયોગ ખજાનાની લુંટ હશે : અરવિંદ સુબ્રમણયમ



કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવેલા નોટબંધીના પગલાને આકરાં ગણાવીને તેની ટીકા કરનાર પુર્વ આર્થિક સલાહકાર અરવિંદ સુબ્રમણયમે અર્થવ્યવસ્થાથી જોડાયેલા અનેક મામલા પર ખુલીને પોતાના અભિપ્રાય વ્યક્ત કર્યા છે.તેમણે એવું પણ કહ્યુ હતું કે પ્રવર્તમાન સંજોગો જોતાં દેશે થોડા સમય માટે મંદી સહન કરવા તૈયાર રહેવું પડશે.

પોતાના પુસ્તક ઓફ કાઉન્સીલ : ધ ચેલેન્જીસ ઓફ ધ મોદી-જેટલી ઇકોનોમી, ના વિમોચન માટે ભારતના પ્રવાસે આવેલા સુબ્રમણયમે કહ્યુ કે રાજકીષીય ખાધને ઘટાડવા માટે રિઝર્વ બેન્કની અનામતોનો ઉપયોગ બેન્કના ખજાનાની લુંટ હશે.

નોટબંધી માટે અત્યંત આકરા અને અર્થ વ્યવસ્થાને આંચકો આપતાં પગલાં જેવા શબ્દોના ઉપયોગ મામલે તેમણે કહ્યુ કે ૮૬ ટકા રોકડને ચલણમાંથી દુર કરવાના પગલાંને તમે શું કહેશો ? આકરો શબ્દ ગંભીરતા માટેનો એકમાત્ર સંકેત છે.તમે ગમે તે કહો પરંતુ આ પગલાંથી અર્થતંત્રને અસર થઇ છે.

જો કે નોટબંધી અગાઉ તેમની સાથે મસલત કરાઇ હતી કે કેમ તે મામલે ફરી જવાબ આપવાનું તેમણે ટાળ્યું હતું. તેમણે કહ્યુ કે આ અંગે મે મારા પુસ્તકમાં લખ્યું છે. એક અર્થશાસ્ત્રી તરીકે તમે ભારત જેવા અન્ય કોઇ દેશ માટે નોટબંધીની ભલામણ કરશો કે કેમ તેવા સવાલના જવાબમાં તેમણે કહ્યુ હતું કે આ તે દેશ પર આધારિત છે.આ નિર્ણય જે તે દેશને કરવાનો છે.

સરકાર અને રિઝર્વ બેન્ક વચ્ચે ટકરાવ મામલે તેઓ બોલ્યા કે રિઝર્વ બેન્કે સારુ કામ કર્યુ છે.પરંતુ છેલ્લા સાત-આઠ વર્ષમાં નાણાંકીય પધ્ધતિની સતર્કતા ચિંતાનું કારણ છે.આઇએફએલ એન્ડ એફએસમાંથી અચાનક રુ. ૯૦હજાર કરોડ છુમંતર થઇ ગયા અને કોઇને જાણ ન થઇ.

## બ્રાઝિલના કેથેડ્રલ ચર્ચમાં ગોળીબારમાં પાંચના મોત

બ્રાઝિલના કેપીનાસ શહેરના એક કેથડ્રલમાં પ્રાર્થના દરમિયાન કરાયેલા ગોળીબારમાં ઓછામાં ઓછા પાંચ શ્રધ્ધાળુઓના મોત નિપજયા હતા.પાછળથી હુમલાખોરે પણ આપઘાત કરી લીધો હતો.પોલીસે જણાવ્યુ હતું કે બંધુકધારીએ કેથેડ્રલની અંદર એક રિવોલ્વર અને ૦.૩૮ બોરની એક પિસ્તોલથી ગોળી ચલાવી હતી. જેમાં કેટલાય લોકોને ઇજા થઇ હતી. ગોળીબારનો હેતું અને બંધુકધારીની ઓળખ હજુ થઇ શકી નથી.પોલીસ પ્રવકતાએ જણાવ્યુ હતું કે એક અજ્ઞાત શખ્સે ચર્ચમાં પ્રવેશ કર્યો અને કેટલાય લોકો પર ગોળી ચલાવી હતી.

દુનિયાની સૌથી મોટી બેંક, બેંક ઓફ અમેરીકા છે.

ભારતમાં પ્રથમ મેડીકલ કોલેજ એસ્કોલા મેડીકા ગોવામાં સ્થાપવામાં આવી હતી.


**ગ્લોરી કેટરીંગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્ક:

એ.એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

# સોહરાબુદ્દીન એન્કાઉન્ટર કેસમાં તમામ આરોપીઓ દોષમુક્ત

સોહરાબુદ્દીન શેખ, કૌસરબીબી, અને તેના સહયોગી તુલસી પ્રજાપતિના કથિત બનાવટી એન્કાઉન્ટર કેસમાં સીબીઆઈની કોર્ટે તમામ આરોપીઓને દોષમુક્ત જાહેર કર્યા હતા.ખાસ કોર્ટે ૧૩ વર્ષ બાદ ચુકાદો આપ્યો હતો.અપુરતા પુરાવા અને સાક્ષીઓનું ફરી જવું ધ્યાનમાં લઈને સીબીઆઈ જજે પોતાની દિલગીરી વ્યક્ત કરતાં તમામને નિર્દોષ સાબિત કર્યા હતા.જજ શર્માએ કહ્યુ હતું કે હું લાચાર છું આ કેસમાં જેટલા પુરાવા એકત્રિત કરવામાં આવ્યા છે અને સાક્ષીઓની જુબાની લેવામાં આવી છે તે સંતોષકારક નથી.

એક હકીકત સ્પષ્ટ છે કે સૌહરાબુદ્દીન,કૌસરબીબી,તુલસી પ્રજાપતિ અને બીજા કેટલાક લોકોનું મોત આ કેસમાં નિપજ્યું હોવાનું મનાય છે. પરંતુ સાબિત થતું નથી કે આ બધું કેમ બન્યું. જો કે જ્યારે આ બાબતોને એક કાવતરારુપે ગણવાનો કોર્ટે ઈન્કાર કર્યો હતો.તમામ પુરાવાઓમાં કોઇ દસ્તાવેજી પુરાવાઓ ઉપલબ્ધ બન્યા નથી.આ કેસમાં જેમની સામે આરોપો હતા તે પૈકી અમિત શાહ ભાજપના હાલના અધ્યક્ષ છે. પોલીસ અને રાજનેતાઓ સામે ગંભીર આરોપો હતા પરંતુ તેને સાબિત કરવામાં સીબીઆઇ ઉણીં ઉતરી છે.સીબીઆઇના જજે આ ઘટનામાં જે ત્રણ લોકોના જીવ ગયા છે તેમના માટે દિલગીરી વ્યક્ત કરી છે.આ પહેલા આ કેસના જજ લોયાને તમામને નિર્દોષ છોડવા માટે મોટી રકમની ઓફર થઇ હતી.જેમણે દિલગીરી વ્યક્ત ના કરી અને આખરે તેમને હાર્ટએટેક આવ્યો.તેઓ ફાની દુનિયા છોડી ગયા.

# સરકારી બેન્કોએ મીનીમમ બેલેન્સના નામે રુ.૧૦,૦૦૦ કરોડ ગ્રાહકો પાસેથી સેરવી લીધા

સરકારી બેન્કોએ છેલ્લા સાડા ત્રણ વર્ષમાં રુ.૧૦,૦૦૦ કરોડની રકમ ગ્રાહકો પાસેથી વિવિધ બહાનાઓ હેઠળ સેરવી લીધી છે.આ રકમ સેવિંગ એકાઉન્ટમાં લઘુત્તમ બેલેન્સ ન રાખવા અને એટીએમ વિડ્રોલ પર વસુલ કરાતાં ચાર્જ થકી એકત્ર કરાઇ છે. સરકારે સંસદમાં આપેલા ડેટામાંથી આ માહીતી મળી છે.સંસદમાં પુછવામાં આવેલા સવાલના જવાબમાં આ માહીતી મળી છે.સરકારે કહ્યુ કે વર્ષ ૨૦૧૨સુધી માસિક સરેરાશ બેલેન્સ પર સ્ટેટ બેન્ક ચાર્જ વસુલ કરી રહી હતી. પરંતુ ૩૧ માર્ચ,૨૦૧૬ પાછી આ બંધ કરી દેવાયું હતું.જો કે ખાનગી બેન્કો સહિત અન્ય બેન્ક પોતાના બોર્ડના નિયમો મુજબ આ ચાર્જ વસુલ કરી રહ્યા છે. એસબીઆઇએ પહેલી એપ્રિલ ૨૦૧૭થી આ વધારાનો ચાર્જ વસુલ કરવાનું શરુ કરી દેવાયું છે.જો કે પહેલી ઓક્ટો. મિનીમમ બેલેન્સમાં રાખવામાં આવેલી રકમને ઓછી કરી દેવાઇ છે. જો કે બેઝિક સેવિંગ્સ બેન્ક એકાઉન્ટસ અને જન-ધન બેન્ક એકાઉન્ટમાં મીનીમમ બેલેન્સ રાખવાની કોઇ જરુર નથી.તેનાથી અલગ જોવામાં આવે તો છેલ્લા સાડા ત્રણ વર્ષમાં સરકારી બેન્કોએ રુ.૧૦,૦૦૦ કરોડ ગ્રાહકોના ખાતામાંથી સેરવી લીધા છે.

આ ઉપરાંત ખાનગી બેન્કોએ પણ આ માર્ગો થકી મોટી રકમ વસુલી લીધી છે.જો કે સરકારના લેખિત જવાબમાં ખાનગી બેન્કો દ્વારા એકત્રીત કરાયેલ રકમનો કોઇ ડેટા મળેલ નથી.નાણાં મંત્રાલયે જણાવ્યુ હતું કે રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડીયાએ બેન્કોને તેમના બોર્ડ મુજબ વિવિધ સેવાઓ પર ચાર્જ વસુલ કરવાની મંજુરી આપી છે. જો કે બેન્કોને નિર્દેશ અપાયો છે કે તેમના ચાર્જ યોગ્ય હોવા જોઇએ.આરબીઆઇએ એવી પણ સુચના આપી છે કે મેટ્રોના છ શહેરો મુંબઇ,નવી દિલ્હી,ચેન્નાઇ, કોલકોત્તા, બેંગલુરુ અને હૈદ્રાબાદમાં એક મહિનામાં અન્ય બેન્કોના એટીએમમાંથી ત્રણ ટ્રાંઝેક્શન અને બેન્કના એટીએમમાંથી ઓછામાં ઓછા પાંચ ટ્રાંઝેકશન મફત કે ફી પછી બેન્ક પોતાના બોર્ડથી મજુર થયેલ નિયમો મુજબ ટ્રાંઝેક્શન દીઠ મહત્તમ રુ.૨૦ની વસુલાત કરી શકશે.જવાબમાં એવું બતાવાયું છે કે સરકારી બેન્કોને પોતાનુ એટીએમ બંધ કરવાની કોઇ યોજના નથી. ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક દિવસોથી એવી ચર્ચાઓએ જોર પકડ્યું છે કે માર્ચ ૨૦૧૯થી સરકારી બેન્કો તેમના ૫૦ ટકા એટીએમ બંધ કરી દેશે.

# રફાલના ચુકાદા અંગે ફેરવિચારણા કરવા સુપ્રીમ કોર્ટમાં અરજી કરાઇ

દેશમાં રફાલના મુદ્દે સરકાર અને વિપક્ષ વચ્ચે આમને-સામને આક્ષેપબાજી ચાલુ છે.આ દરમિયાન પુર્વ કેન્દ્રીય મંત્રી યશવંતસિંહા અને અરુણ શૌરીએ તથા વરિષ્ઠ વકીલ પ્રશાંત ભુષણે રફાલ મુદ્દે ૧૪ ડિસેમ્બરે આપેલા સુપ્રીમ કોર્ટના ચુકાદાની ફરી સમીક્ષા કરવા અંગે અરજી દાખલ કરવામાં આવી છે.સુપ્રીમ કોર્ટે પોતાના ૧૪મી ડિસેમ્બરના ચુકાદામાં ફ્રાંસથી ૩૬ રફાલ વિમાન ખરીદવાની પ્રક્રીયામાં ગરબડીના આરોપ લગાવનારી તમામ જાહેરહિતની અરજી ફગાવી દીધી હતી.હવે અરુણ શૌરી અને યશવંતસિંહા અને પ્રશાંત ભુષણે ફેરવિચારણાની અરજીમાં ત્રણ આરોપ લગાવ્યા છે કે ચુકાદો સરકાર દ્વારા હસ્તાક્ષર વગરના સીલબંધ કવરમાં સોંપેલા ખોટા દાવા આધારિત હતો.તેમણે આ અરજીમાં કહ્યુ હતું કે આ સુનાવણી ઓપન કોર્ટમાં કરવાની વિનંતી છે.કોંગ્રેસનું કહેવું છે કે સફાલ વિમાન ડીલ ફ્રાંસ સાથે કરાઇ છે. આ વિમાન ઉંચી કિંમતે ખરીદાયા છે.

વીડીયો ટેપ અને વીડીયોરેકોર્ડરની શોધ ૧૯૫૬મા થઇ હતી.
મનુષ્યના ફેફસામાં ૩૦૦ અરબ જેટલી રક્તવાહીનીઓ છે.
ટોમ સોયરે નવલકથા લખવા માટે પહેલીવાર ટાઇપરાઇટરનો ઉપયોગ કર્યો હતો.
મનુષ્યના ફેફસામાં ૩૦૦ અરબ જેટલી રક્તવાહીનીઓ છે.


**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

*યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ*

એક્સ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એક્સ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in



**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઓડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**




# પુરુષોને ૭૩૦ દિવસની ચાઇલ્ડ કેર લીવ મળશે

બાળકોની સંભાળ માટે વર્કિંગ વુમનને અત્યારે સ્પેશીયલ લીવનું પ્રોવિઝન છે.જો કે હવે આ જ રીતે પુરુષો પણ તેમના બાળકોની સંભાળ માટે આવી રજા લઇ શકશે.જો કે સિંગલ ફાધર માટે જ આ માન્ય ગણાશે.આ મુજબ પુરુષ કર્મચારીઓને ૭૩૦ દિવસની રજા તેમની સંપુર્ણ સર્વીસ પિરિયડ દરમિયાન બાળકોની સંભાળ માટે મળશે.સીસીએલ સિવાય, હમણાં મહિલાઓને ૧૮૦ દિવસની પેડ લીવ પણ મળે છે.તો પુરુષો પણ આ અંગે ૧૫ દિવસની રજાઓ માટે ક્લેમ કરી શકશે.૭માં પગાર પંચે સિંગલ પિતા તરીકે બાળકોની જવાબદારી સંભાળવા અને તેમની દેખરેખ રાખવા માટે કર્મચારીઓને રાહત આપવા પ્રયાસો કર્યા હતા. કેન્દ્ર સરકારે સિંગલ પિતાને પણ ચાઇલ્ડ કેર લીવ આપવા માટેની ભલામણ પર મંજુરી આપી નોટિફિકેશન જારી કર્યુ હતું.

ટોમ સોયરે નવલકથા લખવા માટે પહેલીવાર ટાઇપરાઇટર નો ઉપયોગ કર્યો હતો.
નાઇલ નદી ૬૬૯૦ કી.મી.ની લંબાઇ ધરાવે છે.
જે મહીનાની પહેલી તારીખે રવીવાર હોયતે મહીનાઓમાં ૧૩ મી તારીખે શુક્રવાર જ આવતો હોય છે.



**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

વ્હાઇટ હાઉસમાં ૧૩૨ રૂમ આવેલા છે.જેમાં અમેરીકાના પ્રમુખ રહે છે. વ્હાઇટ હાઉસનો ઓરીજીનલ રંગ ગ્રે હતો. પરંતુ ૧૮૧૨માં યુધ્ધ બાદ તેને ફરીથી રંગવામાં આવ્યો અને સમારકામ કરવામાં આવ્યું.
મધમાખીની રાણી એક દીવસમાં ૧૫૦૦ ઈંડા મુકે છે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.
**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧



**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.